# ઉત્તરાયણ નહિ, વાસી ઉત્તરાયણ જામી


## ઉત્તરાયણના દિવસે બપોર સુધી ધુમ્મસે 'મૂડ' ઓફ કર્યો : દિવસભર પવન ઓછો રહેતા ઉત્તરાયણની મજા બગડી : પતંગ રસિયાઓ ઠુમકા મારી થાકી ગયા : વાસી ઉત્તરાયણે સાટું વાળી આપ્યું

ગાંધીનગર, તા.૧૫

પાટનગરમાં ઉત્તરાયણની વહેલી સવારે જ વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવ્યો હતો જેથી મકાનના ધાબા પર વહેલી સવારથી જ આકાશી યુધ્ધ ખેલવા ચઢેલા પતંગબાજોની તમામ મજા અને ઉત્સાહ પર ચારે બાજુ ઘટાદાર ધુમ્મસે ઠાર સાથે ધુમ મચાવી દેતા પતંગબાજો નિરાશ થઈ ગયા હતા. જયારે બપોરે ઢળતા ઢળતા જ સૂર્યદેવના દર્શન થતા પુનઃ પતંગબાજો ગેલમાં આવી જઈ ધાબા પર ચઢયા હતા. પરંતુ દિવસ દરમિયાન સાનુકુળ પવન ન થતા પતંગ ચગી ન શકતા પતંગબાજો ઠુમકા મારી મારીને થાકી ગયા હતા.ઉત્તરાયણના દિવસે પહેલા ધુમ્મસ અને બાદમાં પવને હેરાન કરતા પતંગબાજોમાં રિતસરની નિરાશા વ્યાપી જવા પામી હતી. જો કે હોંશિયાર પતંગબાજોએ સવારે પતંગ ન ચગાવ્યા પરંતુ રાત્રે અસંખ્ય તુક્કલ ચગાવીને આકાશને ઝમગમગાવી ઉત્તરાયણની મજા કરી હતી તો સાથે સાથે ખાણી પીણીની પણ જયાફત ઉઠાવી હતી.

ગાંધીનગર શહેરમાં વાઈબ્રન્ટના માહોલના અંતે પતંગ રસિયાઓએ મોડી રાત સુધી પતંગ બજારોમાં પતંગ દોરીની ખરીદી કરી હતી અને ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારે જ પતંગોના યુધ્ધ ખેલવા માટે સજ્જ થયેલા પતંગ રસિયાઓના ઉત્સાહમાં ધુમ્મસે ખલેલ પહોંચાડી હતી. વહેલી સવારથી જ ઉત્તરાયણની મજા બગડતા પતંગ રસિયાઓની મોજ મસ્તી પાણીમાં ફરી ગઈ હતી. જો કે મોડે મોડે બપોર બાદ સૂર્યનારાયણ એ પ્રકાશ ફેલાવતા પતંગબાજોના ઉત્સાહમાં પણ એકાએક પલ્ટો આવી ગયો હતો અને ધાબાઓ પર મ્યુઝિક સિસ્ટમ લગાવી શિલાકી જવાની, મુન્ની બદનામ હુઈ, હનિસિંગ જેવા તડાકા ભડાકા વાળા ફિલ્મી અને પોપ સોંગ ફૂલ અવાજે વગાડી આકાશી યુદ્ધ શરુ કર્યું હતું. પરંતુ સાનુકુળ પવનના અભાવે પતંગ રસિયાઓમાં નિરાશા વ્યાપી ગઈ હતી. જો કે ઢોલ અને સંગીતના તાલ સાથે પતંગબાજોએ ધાબા પર જ આખો દિવસ રહી ઉંધીયું,જલેબી, ચીકી, શેરડી, બોરની મજા માણી હતી.સાંજ ઢળતા જ થોડો પવન ફુંકાતા પતંગબાજો એ પતંગો ઉડાવી એ કાઈપો છે, એ લપેટ...ના નારાઓથી વાતાવરણને ગુંજવી દીધું હતું. જો કે પવનના અભાવે પતંગ ચગાવી ના શકનારા પતંગ રસિયાઓ સૂર્ય ઢળતા જ રંગબેરંગી ચાઈનીઝ તુકકલ ચગાવી સમગ્ર આકાશને ઝગમગાવી દીધું હતું. આથી આકાશમાં અનેરો નજારો જોવા મળ્યો હતો.

આજે વાસી ઉત્તરાયણના વહેલી સવારથી જ પતંગબાજો માટે પવન યોગ્ય જણાતા દિલથી મન મુકીને પતંગબાજોએ પાટનગરના આકાશમાં પતંગોનું યુધ્ધ ખેલવાનું શરુ કર્યું હતું અને મોડી સાંજ સુધી એક બીજાની સાથે પતંગોના પેચ લડાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. જો કે આ વખતે પણ ગત વર્ષની જેમ પતંગ રસિયાઓની ઉત્તરાયણ બગડી હતી અને વાસી ઉત્તરાયણ સુધરી હતી.





## માધવગઢમાં ધાબા પરથી પટકાતા યુવાન ગંભીર : ડભોડા ચોકડી પાસે દોરી વચ્ચે આવતા એક બાઈક સ્લીપ

ગાંધીનગર નજીક આવેલા માધવગઢ ગામમાં પોતાના ઘરના ધાબે પતંગ ચગાવી રહેલા ૨૦ વર્ષીય યુવાનનો પગ લપસી જતાં તે ધાબા પરથી નીચે



પટકાયો હતો. ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. ડભોડા ચોકડી પાસેથી પસાર થઈ રહેલા બાઈક ચાલકના ગળે દોરી આવી જતાં તે પણ રસ્તા પર બાઈક સ્લીપ થઈ જતાં ઢસડાયો હતો.

## ગાંધીનગર રેલવેના વિકાસ માટે સુચનો કરવા અપીલ

ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશન ૨૦૦૮માં કરોડો રૂપિયાના ખર્ચ બાદ નવા રૂપરંગ સાથે શરુ થયું છે. પરંતુ તેના વિકાસનું કોઈ નામ લેતું નથી. રેલવે તંત્ર દ્વારા જાહેર જનતાને રેલવે નેટવર્કમાં સુધારા વધારા અને બજેટ અંગે સુચનો માંગેલ છે. તો મોબાઈલ પર એસ.એમ.એસ. કરી મોકલવા અથવા રેલવેની વેબસાઈટ પર સુચનો મોકલવા જણાવેલ છે. અમદાવાદથી ઉપડતી અને પસાર થતી વાયા કલોલ-મહેસાણા-પાલનપુર તરફ જતી તમામ ટ્રેનોને વાયા ગાંધીનગર વાળી દેશના અગત્યના શહેરો સાથે ગાંધીનગરને જોડવા સુચનો કરવા નાગરિકોને અરુણ બુચે જણાવેલ છે. રેલવેનો મોબાઈલ નં. ૯૭૧૭૬ ૩૦૯૮૨ છે.

# ૧૦૦ની ચલણી નોટમાં નંબર જ નથી છપાયો

## ચલણમાં ફરતી આ નોટ જોઈ લોકોમાં આશ્ચર્ય, પ્રિન્ટીંગ ભુલ હોવાની શક્યતા

ગાંધીનગર, તા. ૧૫

દેશનું ચલણી નાણું જો કોઈપણ જાતના ફેરફાર સાથે બજારમાં ફરતુ થાય અને ફેરફાર ધ્યાને આવે ત્યારે ચર્ચાના ચગડોળે ચડી જાય છે. તેવી જ રીતે એક નાગરીકને પોતાના પાસે રહેલી રૂ. ૧૦૦ ની ચલણી નોટમાં નંબર જ છપાયો ન હોવાનું ધ્યાને આવતાં પહેલા તો ખરાઈ કરી હતી. જેમાં દેશની અસલ ચલણી નોટ હોવાનું માલુમ પડ્યુ હતુ. સાથોસાથ આશ્ચર્ય પણ થયું હતું જો કે પ્રિન્ટીંગ ભુલ થઈ હોવાનું જાણી આ અલગ પ્રકારની ચલણી નોટને પોતાના સંગ્રહસ્થાનમાં મુકી દીધી છે.

હાલમાં દેશના ચલણની નકલ કરી ચલણી નોટ તરીકે બજારમાં ઘુસાડવાની જે પ્રવૃત્તિઓ થઈ રહી છે તેના ભાગરૂપે દેશમાં વિવિધ સ્થળોએ નકલી ચલણી નોટ સંદર્ભે અનેક ફરીયાદો પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી છે. જેથી ચલણી નોટ અંગે કંઈક અજુગતુ લાગે કે તરત જ નાણુ ધરાવનાર સતેજ બની જાય છે. થોડાક દિવસ પહેલા એક નાગરીકને ગાંધીનગર નજીકના બજારમાં ખરીદી કર્યા બાદ ઉત્તરાયણ નિમિત્તે અન્ય ચિજવસ્તુઓ ખરીદવા જતાં ર. ૧૦૦ ની નોટ ઉપર અચાનક નંબર ન હોવાનું ધ્યાને આ નાગરીકને આવ્યું હતું. જેથી આ અંગે મિત્ર વર્તુળને બતાવતાં નોટ અસલ છે પણ નંબર ન છવાયો હોવાનું કારણ જાણવા મળ્યું તું.

જેથી આ અંગે રૂ. ૧૦૦ની નોટની મશીન દ્વારા ખરાઈ કરી હતી. જેમાં આ નોટ ચલણમાં હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ પ્રિન્ટીંગ ભુલથી નંબર ન છપાયો હોય તેવું લાગ્યું હતું. જેથી આ નાગરીકે આ નોટને દુર્લભ નોટ તરીકે ગણીને પોતાના સંગ્રહમાં સ્થાન આપી દીધુ છે. જો કે હાલમાં ડુપ્લીકેટ નોટની વધારે પ્રમાણમાં થઈ રહેલી ઘુસણખોરીથી દેશનો નાગરીક સતેજ બની ગયો છે. જેથી ચલણી નોટમાં ફેરફારને તેઓ સહજતાથી સ્વીકારતા નથી અને ખરાઈ આવશ્યક બનાવે છે. છતાં પણ રીઝર્વ બેંક પણ આવી ગંભીર ક્ષતિ પ્રત્યે ચોકસાઈ રાખે તે ઈચ્છનીય બન્યુ છે.




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)




## ચિલોડામાં ઉંધીયા-જલેબીની મિજબાની સાથે ઉત્તરાયણ ઉજવાઈ

મકરસક્રાંતીનુ પર્વ આનંદ-ઉલ્લાસ સાથે દાન-પૂર્ણ કમાવાનુ પર્વ ગણાય છે. ચિલોડામાં લોકોએ આ પર્વની ઉજવણી ભારે હર્ષોલ્લાસથી કરી હતી અને કૂતરાઓને લાડવા, ગાયોને ઘાસ ખવડાવી દાન-પૂર્ણ સાથે પતંગ રસિયાઓએ પતંગબાજી અને રાત્રે તુક્કલની મજા પાણી હતી. જો કે ઉત્તરાયણના દિવસે સવારે ધુમ્મસે થોડા નિરાશ જરૂર કર્યા હતા. લોકોએ આ પર્વમાં ઉંધીયા-જલેબી અને પાત્રાની મિજબાની ઉડાવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ઉત્તરાયણની રાતે વાવોલની સોસાયટીમાં તસ્કરોનો હાથફેરો

## બે મકાનોના તાળા તોડ્યા પરંતુ નકલી દાગીના જ હાથમાં આવ્યા : સોસાયટીના રહીશોની સજાગતાથી તસ્કરો ભાગ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં સ્થિત શાલીન-૪ સોસાયટીમાં ઉત્તરાયણની મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. અને બે બંધ મકાનોના તાળા તોડી આખા મકાનો ફંફોસ્યા હતા. જો કે એક તબીબના મકાનમાંથી તિજોરીમાં મુકેલા નકલી દાગીના સિવાય તસ્કરોને હાથે કાંઈ આવ્યું ન હતું. બીજા મકાનમાં ઘુસ્યા ત્યા જ તાળુ તુટ્યાનો અવાજ સાંભળી ગયેલા સોસાયટીના રહીશોએ એક બીજાને ફોન કરીને ઉઠાડી ચોરોને પકડવા પ્રયત્ન કર્યો હતો. સોસાયટીના રહીશો વચ્ચે હીલચાલ થઈ હોવાનીગંધ આવી જતાં ચોરો આખરે ખેતરો તરફ નાસી ગયા હતા. આ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રીએ વાવોલ ગામની શાલીન-૪ સોસાયટીને ટાર્ગેટ બનાવી હતી. ઉત્તરાયણની ઉજવણીને અંતે થાકીને લોથપોથ થઈ સોસાયટીના રહીશો મોડી રાત્રે ઘેરી નિંદ્રામાં હતા ને સોસાયટીનો વોચમેન નાદુરસ્ત તબિયતને કારણે ગેરહાજર હોવાનો લાભ લઈ તસ્કરોએ આ સોસાયટીના બે મકાનોને નિશાન બનાવ્યા હતા. જે મકાનનુ તાળુ તોડે તેની આજુબાજુના મકાનને બહારથી સ્ટોપર મારી દઈને પડોશીને પુરી દઈ તસ્કરી કરવાની એમ.ઓ. વાપરી આ ચોરોએ રાજુભાઈ મહારાજના ડી-૧/૮ નંબરના બંધ મકાનનુ તથા એક તબીબના એફ/૪ નંબરના મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને સામાન વેર-વિખેર કર્યો હતો. તબીબના ગ્રાઉન્ડ ફ્લોરે સ્થિત આ મકાનની તિજોરીમાંથી દાગીના લઈ ગયા હતા જો કે તે પણ નકલી દાગીના હતા. જયારે રાજુભાઈ મહારાજના મકાનમાં કિંમતી માલ-મત્તા શોધી રહ્યા હતા ત્યારે જ સોસાયટીના રહીશોની હીલચાલ સાંભળી તસ્કરો ભાગ્યા હતા. તાળા તુટવાનો અવાજ સાંભળીને સજાગ પડોશીએ અન્ય પડોશીઓને ફોન કરી આ બાબતે જાણ કરી હતી. અને ચોરોને પકડવા ચોકઠુ ગોઠવી રહ્યા હતા જેની ગંધ આવી જતાં ચોરો ખેતરોમાં ભાગ્યા હતા. આ બનાવ અંગે મધરાતે પોલીસને પણ બોલાવવામાં આવી હતી. પરંતુ પોલીસના હાથમાં કોઈ આવ્યુ ન હતુ.

### ૨૫મીએ ગાંધીનગર ખાતે રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં

# રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવણી સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં વધુ ને વધુ નાગરિકો ભાગીદાર થાય તેવા ઉમદા આશયથી તા. ૨૫ મી જાન્યુઆરી, જે ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે, તેને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ સંદર્ભે ગાંધીનગરમાં પણ તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રાજયકક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીનો સમારોહ યોજાનાર છે. રાજયકક્ષાના મતદાતા દિવસની ઉજવણીના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રી ડૉ.શ્રી એ. પી. કોહલીની ઉપસ્થિતિમાં ૨૫/૦૧/૧૫, રવિવારના રોજ જી.એમ. ઈ. આર. એસ. મેડીકલ કોલેજ, ઓડીટોરીયમ હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રાજયકક્ષાના મતદાતા દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૮ વર્ષથી ઉપરની વયજૂથના નવા નોંધાયેલ યુવા મતદારોને ચૂંટણી ઓળખકાર્ડ મહામહિમ રાજયપાલશ્રીના હસ્તે એનાયત કરવામાં આવશે. સાથે જ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીને અનુલક્ષીને યુવા મતદારોમાં મતદાન કેવી રીતે કરવું તેના માટે મોકપોલ સ્ટેશન વી. વી. પેટ મશીન સાથે ઉભું કરવામાં આવશે. જેમાં યુવા મતદારોને મતદાન મથકે મતદાનના દિવસે કેવી રીતે મતદારે પોતાના મતાઅધિકારનો ઉપયોગ કરવામાં આવે છે. તેમને શું શું મતદાન કરતી વખતે તકેદારી રાખવી પડે તેનો પ્રત્યક્ષ અનુભવ કરાવવામાં આવશે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા કેવા ક્વો સ્થળે મતદાન મથકો ઉભા કરવામાં આવે છે. ભારતીય ચૂંટણી પંચની કામગીરીની ઝાંખી કરાવતું પ્રદર્શન પણ ઉભું કરવામાં આવશે.

# સબ રજીસ્ટ્રાર યુનિયનના પ્રમુખ પદે લલિતસિંહ વાઘેલાની સતત ત્રીજીવાર વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય સબ રજીસ્ટ્રાર યુનિયનની સામાન્ય સભા તાજેતરમાં ગાંધીનગર સરખેજ હાઈવે પર આવેલ એક રિસોર્ટ ખાતે યોજાઈ હતી. જેમાં યુનિયનના પ્રમુખ પદે સતત ત્રીજીવાર લલિતસિંહ વાઘેલાની વરણી કરવામાં આવીહતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન આર.એમ. મછાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમમાં યુનિયનના પૂર્વ સલાહકાર અને બનાસકાંઠા જિલ્લાના ઈન્સ્પેકટર ઓફ રજીસ્ટ્રેશન એચ.એસ. સુમરા, અમદાવાદ જિલ્લા નોંધણી નિરીક્ષક એમ.ડી. મકવાણા, પૂર્વ સલાહકાર અને નોંધણી નિરીક્ષક ગીરીશ શાહ અને કવિ ગઝલકાર મુસાફિર પાલનપુરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એચ.એસ. સુમરા, એચ.એમ. જાની, શ્રેણિક શાહ, ભાસ્કર ધડાકે, અનિલ સોલંકી, મહેન્દ્રસિંહ ઝાલાએ ભારે જહેમત ઉઠાવીહતી. કાર્યક્રમમાં રાજ્યભરમાંથી રજીસ્ટ્રેશન ખાતાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૫

સૂર્યાસ્ત : ૬.૧૪

### તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૩૩ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

સ્ક્રીન-૩ :

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

પી.કે. : ૧.૦૦, ૭.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :

તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :

તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦

સ્ક્રીન-૩ :

તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦

બે યાર (ગુજરાતી) : ૫.૫૫

સ્ક્રીન-૪ :

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦

પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :

તેવર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

સિંઘમ રિટર્ન્સ : ૨.૦૦

ટેકન (અંગ્રેજી) : ૧૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ :

તેવર : ૧૦.૦૦

પી.કે. : ૧૨.૪૫

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

તેવર : ૧૧.૦૦

પી.કે. : ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### આપની આજ

**મેષ** : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

**મીન** : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા જીવુભા બળદેવજી (ઉ.વ.૭૫) મુ. પો. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સેનવા શંભુભાઈ મંગાભાઈ (ઉ.વ.૫૪) મુ. પેથાપુર, તા.જી.ગાંધીનગર
- સ્વ. ભીખાભાઈ મોહનભાઈ રાવળ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૯૩૬/૧, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. સ્વ. ઠાકોર દિનેશજી ધૂળાજી (ઉ.વ.૪૦) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર